સાલ : ૫ / સિલસિલાવાર નંબર : ૫૦ / શુમારો : ૨

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

કુલ પાના - ૧૦

# الهادي

THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ સફરૂલ મુઝફફર ૧૪૨૯ હી., ૭-૨-૨૦૦૮

## -::: ઈફ્તેતાહીયાહ :::-

### -:: ઈખ્લાસ સાથે ઈબાદત ::-

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **"ઇન્ના અન્ઝલના ઇલયકલ કિતાબા બિલ હક્કે ફઅબોદુલ્લાહા મુખ્લેસલ લહુદ્દીના"** યાઅની કે, હમેં જ આપની તરફ આ કિતાબને બિલકુલ દુરૂસ્ત ઉતારી તો આપ દીનમાં ઈખ્લાસ રાખીને અલ્લાહની ઈબાદત કરો. તમેં સાંભલો, અલ્લાહ વાસ્તે છે ખાલિસ દીન. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, દીનદારી જો ખુલૂસ દિલથી કરવામાં આવે એને જ સાચી દીનદારી કહેવાય. ને દિલના ઈખ્લાસ સાથે જો મોહબ્બતને જોડી દેવામાં આવે તો દીનદારી તે મોહબ્બતની ખુશબૂથી મહેકી ઉઠે છે. શું મોહબ્બત સિવાય કોઇ દીનદારી હોય શકે ?

અલ્લાહતઆલાનો હમેં લાખ-લાખ શુક્ર અદા કરીએ કે, મુમેનીન વાસ્તે નવા સાલ ૧૪૨૯ હિ. ની શરૂઆત ખૂબ ઈખ્લાસ અને મોહબ્બતના ઈઝહારથી થઇ. અલ્લાહે હમને મૌસમે હુસૈનીના અશરા મુબારેકાની મજલિસ-વાઅઝમાં હુસૈની દાઈને નઝદીક હાઝિર કીધા. હુસૈની દાઅવતના મુખ્લિસ ફરઝંદોએ ખૂબ માતમ કીધું. પોતાના ઈમામના ગમમાં ખૂબ રોયા, આંસૂના સૈલાબને જારી કીધા. જે આંસૂઓ નો બદલો હમને હમારા પ્યારા ઈમામ મોતી-ગૌહરથી આપશે. **આ આંસૂઓમાં મુમેનીનના ગુનાહો ધોવાઇ ગયા અને અશરા મુબારકામાં જાણે મુમેનીનને અલ્લાહે મલકી-ફરિશ્તાઇ સૂરતમાં તબ્દીલ કરી દીધા.** ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદત અઝીમ શહાદત છે જેના મુબારક સાયામાં પોતાના નાનાજી સાહબનું **"દીનુલ્લાહિલ ખાલિસ"** સરસબ્ઝ-શાદાબ થયું, રૂહે હુસૈની સાથે નવી ઝિંદગી લઈને ઝિંદા થયું. હમારી નૂરાની મજલિસ માંથી ઉઠેલી હુસૈની નિદા આ સાલ હક્કની દાઅવતની કરિશ્માઈના સબબ અને માઝૂનુદાઅવતની બેલૌસ-બેઈન્તેહા કોશિશના સબબ મુંબઈ શહેરમાં અને પૂરા આલમમાં વેબસાઈટના ઝરીએ આશ્કાર થઈ. **ઇમામે મઝલૂમનો દીને ખાલિસનો પૈગામ સાહબે દાઅવતની વાઅઝના સબબ દુનિયામાં મશ્હૂરો માઅરૂફ થયો** અને બીજા મુલ્કોમાં રહેતા હમારા મુમેનીને વેબસાઈટ પર મુકેલી વાઅઝથી ભરપૂર રૂહાની ફાયદો હાસિલ કીધો.

**આ આંસૂઓમાં મુમેનીનના ગુનાહો ધોવાઈ ગયા અને અશરા મુબારકામાં જાણે મુમેનીનને અલ્લાહે મલકી-ફરિશ્તાઈ સૂરતમાં તબ્દીલ કરી દીધા.**

ઈખ્લાસ અને મોહબ્બતનો બીજો મુઝાહેરો સૂરત શહેરમાં અપના આકા અપના હાજતરવા સૈયેદના નૂરૂદીન સાહબ (આ.કુ.) ના મઝારે અન્વર પર આપ મૌલાના ઉર્સના મૌકા પર જોવા મીલો. આપ મૌલાની નૂરાનીયત અને રૂહાનીયતના સબબ મુમેનીનના દિલો સાથે તે જગાની ફિઝાના હર ઝર્રાત આફરીન-આફરીન પુકારી રહ્યા હતા. આપ મૌલાના ખાકસાર દાઈ હુઝુરેઆલી (ત.ઉ.શ.) આપના અઝીમ દરજાની પહેચાન કરાવવા વાસ્તે, મુમેનીન વાસ્તે દોઆ કરવાને આપ મૌલાની તુરબતે તાહેરા પર મૌજૂદ હતા. સૈયેદના સાહબે (ત.ઉ.શ.) શબે ઉર્સના મૌકા પર મુમેનીનને દરમિયાન એક યાદગાર-તારીખી વાઅઝ ફરમાવી જેમાં આપે કૌમ-મિલ્લતની તરક્કી અને બલંદી વાસ્તે મુમેનીનના કલ્બો ઝમીરમાં ઈખ્લાસો મોહબ્બતની એક નવી ગરમજોશી અને જઝબો પૈદા કીધો. ઈખ્લાસની એહમીયતને મુંબઈની અંજુમને નૂરાની અને અંજુમને હુસૈનીના અરાકીનને હાઝેરીન ઝવ્વારોનો આઅલા તઆમો ઈકરામ-જમન-શરબતનો બંદોબસ્ત કરીને સાબિત કીધી. **ઇખ્લાસથી હર કામમાં બરકત છે અને આજે બરકતના સબબ જ મુમેનીન ખુશહાલ છે.**

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**નમાઝ, અલ્લાહતઆલાની રહેમતનો કિલ્લો અને શયતાનને દૂર રાખવાનો વસીલો છે.**

## -::: સનસનીખૈઝ સઝા :::-

# શિમ્ર લઈન

આ શિમ્ર લઈન તે જ બદસૂરત, સિયાહ રંગ, ડરાવનો, બદબખ્ત શખ્સ હતો જેએ હમારા પ્યારા ઈમામ આલી મકામ મૌલાના હુસૈન (અ.સ.) જિગર ગોશએ રસૂલ (સ.અ.વ.વ.) ની ગરદન મુબારક ઉપર બુઠા ખંજરે બેઆબથી ૭૦ રગડા કીધા હતા અને બેહુરમતી-બેઅદબી કરી આપના ઈલ્મે ઈલાહીથી ભરેલા સીના ઉપર લોખંડી જોડા પેહરીને આપને ઠોકર મારી ઈઝા પહોંચાવી હતી. આપ આકાના જિસ્મે અત્હરથી માથા મુબારકને જુદું કીધું હતું અને માઁ ફાતેમાના નૂરે ઐન, દિલના ચૈનને જેમ ગ્રહણના સબબ ચાંદની રોશની ગાઈબ થઈ જાય છે તેમ ઈમામતના ચાંદને ગુબાર-આલૂદ કરીને ગ્રહણમાં ગિરફતાર કીધા હતા.

ઈમામ આલી મકામની અલમનાક શહાદત બાદ આપના કત્લનો બદલો લેવા બનુ ઊમય્યાહને ખિલાફ મુખ્તાર અસ-સકફીએ બગાવત કીધી અને એક-એક સિતમગારોને ચુની-ચુનીને મૌતને ઘાટ ઉતારા. મુખ્તારે પોતાના ગુલામને શિમ્ર મરદૂદને પકડવા મોકલો મગર શિમ્ર લઈને એનો સામનો કીધો અને ગુલામને ભાલાથી મારી નાખો અને તે જગા પરથી જાન બચાવીને એક ગામડામાં પોતાની પહેચાન છુપાવીને એક ઘરમાં આસરો લીધો. ગુલામના સાથીદારોએ એની ખબર નીકાલી એનો પીછો કીધો અને શિમ્રને પકડો, એને બેરહેમીથી મારો, ઝખ્મી કીધો, ઝમીન ઉપર પટકો અને સાંકલોથી બાંધીને કૈદ કીધો. પછી ઝમીન પર ઘસડીને એને મુખ્તાર સામે પૈશ કરવામાં આવો.

મુખ્તાર, શિમ્ર લઈનને જોઈને ખૂબ ગઝબનાક થયો, ગુસ્સા પર કાબૂ ન રાખી શકો અને ઝોર-ઝોરથી ચીલ્લાવવા લાગો કે, **"અય મલઊન, ઉઠાવ તારો એ નાપાક હાથ કે જેનાથી તુંએ શાહઝાદાએ કૌનેન (અ.સ.) ને શહીદ કીધા.** મલઊને હાથ ઊંચો કીધો તો મુખ્તારે એના ટુકડે ટુકડા કરી નાખવાનો હુકમ કીધો. દર્દ-તકલીફના સબબ શિમ્ર ઝમીન પર તડફડવા લાગો, મદદ વાસ્તે આહો બુકા કરવા લાગો, પણ હવે એ જહન્નમીની મદદ પર કોણ આવે? જેએ આલમના મુશ્કિલકુશા પર ઝુલ્મ ઢાયા હોય એની મુશ્કિલને કોણ હલ કરે ? શિમ્ર લઈન ઘણો પ્યાસો હતો. મુખ્તાર પાસેથી પાનીની ભીખ માંગી. મુખ્તાર એના નઝદીક ગયો એના ચહેરા પર થુંકો અને ઝોરથી તમાંચો મારો અને ખૂબ અઝાબ કીધો. મુખ્તારના સિપાહીઓ હરરોઝ બર સરે આમ લોગો સામે એને આગ ઓકતા તડકામાં લાવીને સખ્તમાં સખ્ત માર મારતા. દિવસો તક એને પાનીથી મેહરૂમ રાખવામાં આવો અને પ્યાસની હાલતમાં જ તડપાવી તડપાવીને એના સરે નાપાકને જિસ્મથી જુદું કરી એને કત્લ કીધો.

રિવાયતમાં છે કે એક શખ્સ જંગલ બયાબાનમાં ભૂલો પડો. ચાલતા ચાલતા તે એક ઊંચી ચટ્ટાન પાસે આવો અને જોઈ છે કે એક મોટું પરિંદુ આસમાનથી ચટ્ટાન પર ઉતરૂં અને ત્યાં ઊલટી કીધી અને એના પેટમાંથી એક કાલા ચહેરાવાલો, બદસૂરત ઈન્સાન બહાર નીકલો. તે ઘણો લાચાર, બેબસ, કમઝોર હતો અને ઠરઠરી રહ્યો હતો, પછી એ પરિંદુ ત્યાંથી ઉડી ગયું. તે વકત એક ભયાનક મોટી પાંખોવાલું ઝબરદસ્ત ગીધ ચટ્ટાન પર આવીને બેસું. ગીધે તે કાલા ચહેરાવાલા કમઝોર ઈન્સાનને ફાડી નાંખી એનો શિકાર કીધો અને ખાય ગયું અને ઉડી ગયું. થોડે દૂર એ ગીધ ગયું અને એક જગા બેસું અને નજાસત કીધી અને તેમાંથી દોબારહ તે કાલા ચહેરાવાલો ઈન્સાન ધ્રુજતો ધ્રુજતો ઊભો થયો. પાછું તે મોટું પરિંદુ આવું અને એ શખ્સને ગીલી ગયું. થોડા વકત પછી એ પરિંદુ દોબારહ તે ચટ્ટાન પર આવું અને ઊલટી કીધી.

આ મુજબ વારંવાર થાતું રહ્યું. જોનાર શખ્સને તઅજ્જુબ થયો કે, આ ચીઝ પાછલ શું રાઝ છે ? તે વકત ચટ્ટાનમાંથી ગૈબી આવાઝ આવો કે, આ ઈમામે મઝલૂમ મૌલાના હુસૈન (અ.સ.) નો કાતિલ શિમ્ર લઈન છે અને **આજ તક એને અલ્લાહ તરફથી આ મુજબનો ખૌફનાક અઝાબ પહોંચી રહ્યો છે અને કયામત તક તે મલઊન આમ જ સનસની ખૈઝ સઝાએ ઇલાહીમાં ગિરફતાર રહેશે.** પોતાની રાહથી ભટકેલા એ શખ્સે

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**પાક અને પાકીઝા લિબાસ ગમ અને પરેશાનીને દૂર રાખે છે.**

*(પેજ નં. ૧ નું બાકી)*

***ઈફ્તેતાહીયાહ .........***

ઈખ્લાસનો મતલબ એ છે કે, કોઈ અમલ યા કામના એવઝમાં-બદલામાં કોઈ પણ શખ્સ કોઈ પણ તરહનો મુઆવેઝો-જઝા-શુક્રગુઝારીનો મુતાલેબો ન કરે, કોઈ માંગ ન કરે, કોઈ બદલાની ઉમ્મીદ ન રાખે. જેમ માઁ-બાપ એના બચ્ચાઓની તરબીયત કરવામાં કોઈ જઝા કે શુક્રનો મુતાલેબો નથી કરતા બલકે વાલેદૈન બચ્ચાઓની તરબીયતને પોતાનું ફરઝ સમજે છે. **જે જમાઅતમાં પૈદા થયા તો જમાઅતની ખિદમતને લઇ ઉઠવી એ હર જમાઅતના મેમ્બર પર ફરઝ-વાજિબ છે.** ખિદમતે કૌમ કરવા પાછલ કોઈ ઝાતી ગરઝ-મતલબ ન હોવો જોઈએ. જે ગુલામ-ખાદિમ એના આકાની ખિદમત માર ખાવાની બીકથી યા કોઈ એવઝની ગરઝથી કરતો હોય તો એ ગુલામ બદતરીન શખ્સ છે. આ જ મુજબ જે બંદો એના રબની તાઅત-પૈરવી એ વાસ્તે કરે કે એને જહન્નમની આગથી નજાત મીલે, જન્નતની નેઅમતો મીલે અને તરહ-તરહની લઝઝતો હાસિલ થાય તો એ બંદો બદતરીન બંદો છે. કોઈ મુમિન પોતાના દાઈની ખિદમત એના વાસ્તે કરતો હોય કે એ કરીબ થાય, એની તાઅરીફ કરવામાં આવે યા લોગોમાં મશ્હૂર થાય તો એવા ગરઝપરસ્ત, શોહરતપરસ્ત અને મફાદપરસ્ત શખ્સો "મુખ્લિસ" કહેવાય નહીં.

**જે જમાઅતમાં પૈદા થયા તો જમાઅતની ખિદમતને લઈ ઉઠવી એ હર જમાઅતના મેમ્બર પર ફરઝ-વાજિબ છે.**

ઈખ્લાસ તો તે જ કહેવાય કે, જે વક્ત તમામ રસ્તાઓ બંધ થઈ જાય, તમામ હીલાઓ-કોશિશો નાકામ થઈ જાય અને હર કિસ્મની કુવત-તાકત ખતમ થઈ જાય, પછી ઈન્સાન પોતાને વાસ્તે મદદ ચાહવા એના ખાલિક તરફ રૂખ કરે, બેબસી-બેકલીની હાલતમાં એને બચાવનાર એના ખાલિકને યાદ કરે. મિસાલના તૌર પર દરિયામાં સફર કરનારાઓ કિશ્તીમાં બેસે છે તે વક્ત અલ્લાહતઆલાના નઝદીક સલામતીની દોઆ કરે છે, મગર દોઆના તે કલેમાતમાં ઈખ્લાસ હોતો નથી કેમકે એ સઘલાનો ભરોસો કિશ્તી અને તેના કેપ્ટન પર હોય છે અને એ બેવેથી તમામને સુકૂન-ઈત્મેનાન હોય છે. હવે જે વક્ત એમની કિશ્તી દરિયાને દરમિયાન પાનીની ગહેરાઈમાં આવે છે અને દરિયાઈ મોજાઓ જોશમાં આવે છે તો એ તૂફાની દરિયાના સબબ કિશ્તી ડોલવા લાગે છે. કિશ્તીનો કેપ્ટન અને એના સાથીદારોનો જીવ અધ્ધર થઈ જાય છે અને મૌત પાનીની શિકલ લઈને સામે આવી જાય છે, કિશ્તી પર કેપ્ટન કન્ટ્રોલ ગુમાવી બેસે છે, તે બેકાબૂ થઈ જાય છે, કિશ્તી ડૂબવા લાગે છે તો એ સઘલા કિશ્તી અને કેપ્ટનની ઉમ્મીદને છોડીને પોતાના ખાલિક તરફ ઈખ્લાસ સાથે દોઆ કરતા હોય છે.

એ સઘલા જાણે છે કે, હવે બચવાના બધા અસ્બાબ ખત્મ થઈ ચુકા છે અને **અલ્લાહ સિવાય કોઇ એમને બચાવી શકશે નહીં**. હવે એ લોગોમાં કોઈ નુજૂમી હોય અને એને એમ લાગે કે, હમણા આસ્માનના ચોઘડીયા મન્હૂસ છે અને થોડા વક્ત પછી નૈક તારાઓનો વક્ત દાખિલ થાનાર છે તો એ નુજૂમીનું દિલ તારાઓની હરકતો પર લાગું હશે અને એની દોઆ તે વક્ત ઈખ્લાસવાલી નહીં હોય. પછી એ નુજૂમીને માઅલૂમ થાય કે, હવે પછી કોઈ ઘડી નૈક આવનારી નથી બલકે હજુ ઝિયાદહ નહેસ ઘડીઓ આવનાર છે તો તે વક્ત તારાઓ ઉપરથી પણ એની ઉમ્મીદ તૂટી જાય છે. હવે એની દોઆમાં ઈખ્લાસ ઉભરી આવે છે.

**આજે હમેં મોહિબ્બાને હુસૈન (અ.સ.) અલ્લાહતઆલાનો હમ્દ કરીએ કે, હમેં ખમ્સતે અત્હાર (અ.સ.) ના દીને ખાલિસ પર છે.**

હમારા મૌલા હુસૈન (અ.સ.) નો આખિરી સજદો પણ ઈખ્લાસથી ભરેલો હતો કેમકે આપે મરઝીએ ખુદા સાથે શહાદતને ગલે લગાવી અને કરબલાની તપતી ઝમીન પર આપનું અસરનું ફરઝ અદા કરવું તે મહેઝ ઈબાદત ન હતી મગર મુમેનીન વાસ્તે, આપના મોહિબ્બો વાસ્તે મગફેરતની દોઆ અને શફાઅતનો હદીયો હતી. **આજે હમેં મોહિબ્બાને હુસૈન (અ.સ.) અલ્લાહતઆલાનો હમ્દ કરીએ કે, હમેં ખમ્સતે અત્હાર (અ.સ.)**

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**જ્યાં સુધી ગુફ્તગૂ કરવાનો મુનાસિબ મૌકો ન જોવ, તમેં હરગિઝ કલામ ન કરો.**

## -::: રૂહાની નુસ્ખો -જાદુથી હિફાઝત કેમ કરવી :::-

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી આપના આબાએ તાહેરીનથી અને મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી રિવાયત મન્કૂલ છે કે લબીદ બિન આસિમ યહૂદી અને ઉમ્મે ઉબૈદુલ્લાહ યહૂદીયાહે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર મેલૂ મન્તર - જાદુ કીધું. એ બેવે જાદુગરોએ લાલ અને પીલા દોરા-ધાગામાં અગ્યાર (૧૧) ગાંઠો લગાવી. તે બાદ એને ખજૂરીનાં લાકડાની ડબ્બીમાં મૂકીને મદીનાના એક કુવ્વાની સીડીઓમાં મૂકી દીધી. આ બદ અમલથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની એવી હાલત થઇ ગઇ કે, ન તો આપ બોલે, ન સાંભલે, ન જુએ, ન જમે, ન સમઝે, ન પીએ. એ જ અરસામાં જિબ્રઈલ અમીન (અ.સ.) મોઅવ્વેઝાહ (તાવીઝ કરનારી સૂરત) લઈને નાઝિલ થયા અને ફરમાવું કે, અય અલ્લાહના નબી ! આપની આ શું હાલત છે ? આપે ફરમાવું કે, મેં નથી જાણતો ! તમો જુઓ છો કે મારી શું હાલત છે. જિબ્રઈલ (અ.સ.) કહ્યું કે, લબીદ બિન આસિમ યહૂદી અને ઉમ્મે ઉબૈદુલ્લાહ યહૂદીયાહે આપ ઉપર જાદુ કીધું છે. જિબ્રઈલે ખબર કીધી કે એ જાદુનો ધાગો કઈ જગા પર મૂકેલો છે. તે બાદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર જિબ્રઈલ પઢવા લાગા કે,

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

**કુલ અઉઝો બે રબ્બિક ફલકે મિન શર્રે મા ખલક......વ મિન શર્રે હાસેદિન ઇઝા હસદ. (સૂરતુલ ફલક)**

પૂરી સૂરત પઢી અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ) એ પણ આ સૂરત પઢી તો એક ગાંઠ ખુલી ગઈ, તે પછી બીજી મરતબા પઢી તો બીજી ગાંઠ ખુલી ગઈ યહાં તક કે અગ્યાર (૧૧) મરતબા પઢી તો તમામે તમામ ગાંઠ ખુલી ગઈ અને અલ્લાહના નબી ઈત્મેનાનથી બેસી ગયા. જિબ્રઈલે આપને પૂરી ખબર અને હકીકતથી વાકેફ કીધા. હઝરત અલી (અ.સ.) ફરમાવે છે કે, તે બાદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મને ફરમાન કીધું કે, **"અલી જાઓ અને તે જાદુ મારે પાસે લઇ આવો."** મેં તે જાદુને લઈને આવો તે બાદ આપે લબીદ અને ઉમ્મે ઉબૈદુલ્લાહ ને બોલાવા અને પુછ્યું કે, આ બદ અમલ કરવાનો શું સબબ! તે પછી ફરમાવું કે, ખુદાતઆલા તુંને દુનિયાથી સલામતી સાથે ન નીકાલજો. એ લબીદ ઘણો સાહબે માલ હતો. આ સાથે એક નાનું બચ્ચું કે જેના કાનમાં વાલી હતી એના પાસેથી એ ગુઝરો તો કાનની વાલીને લબીદે ઝોરથી ખેંચી અને બચ્ચાના કાન કાપીને ઝખ્મી કીધા. એના આ જુર્મમાં એ પકડાય ગયો, એક હાથ કાપવામાં આવો અને બીજા હાથ પર દામ દેવામાં આવો અને તે જ હાલતમાં તે હલાક થયો.

જે શખ્સને જાદુ-ટોના-જન્તર મન્તર-મેલૂ અને બીજી શયતાનીયતનો ખૌફ હોય તો રોઝ રાતે સુતા પહેલા ત્રણ વાર સૂરતુન્નાસ અને ત્રણ વાર સૂરતુલ ફલક પઢીને સુએ. પોતાના બચ્ચાઓને પણ આ આદત પર ચલાવે જેના સબબ રાતના શરથી અલ્લાહતઆલા મહફૂઝ રાખે. ★

## -::: મદીનતુલ મસાઈલ :::-

**સવાલ : મૌ.ઇમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ને સાઇલે પૂછું કે, ઉંદરની નજાસત (લીંડી) કોઇ પણ આટામાં પડે તો શું કરે ?**

જવાબ : આટામાં અગર લીંડી પડી છે એ યકીન થાય તો એને નીકાલી નાંખે અને અગર માઅલૂમ ન થાય તો કોઈ હરજ નથી.

**સવાલ : કૂતરો-બીલાડી યા ઉંદરે રોટલી કતરી હોય યા સુંઘી હોય તો શું હુકમ છે ?**

જવાબ : જેટલી રોટલી કતરી હોય એને આસપાસની નીકાલીને ફેકી દે અને બીજી તમામ જમી જાય.

**સવાલ : અગર ઉંદર ઘી યા તેલમાં પડે તો શું કરે ?**

જવાબ : અગર ઘી થીજેલું હોય તો એને આસપાસની જગાનું ઘી નીકાલી નાખે અને બાકીનું કામમાં લઈ લે પણ અગર પીગલેલું હોય જેમકે તેલ હોય અને તેમાં ઉંદર મરી જાય તો એને જમવાના કામમાં લે નહીં મગર બાલવાના કામમાં લઈ શકે છે. અગર ઉંદર તે ચીઝમાંથી ઝિંદા બચી જાય તો તે ઘી યા તેલ જમવાના કામમાં લઈ શકાય છે.

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**જે શખ્સ જવાબ આપવામાં જલ્દી કરે છે તે સહી જવાબ આપવામાં પાછલ પડી જાય છે.**

## -::: સૈ. હાતિમની કલમ અને અલવી ઈલ્મ :::- કિસ્ત-૨

યમની દાઅવતના સાહબે કરામતો અઝમત તીસરા દાઈયુલ મુત્લક સૈ.હાતિમ બિન સૈ.ઈબ્રાહીમ અલ-હામેદી (આ.કુ.) આપની મજાલિસની કિતાબમાં ફરમાવે છે કે, યહૂદી આલિમોનો સરદાર અબ્દુલ્લાહ બિન સલામ મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની હક્કાનીયત સાબિત કરવા આપને સવાલાત કરે છે. જેના મૌલાના અલી ઈત્મિનાન સાથે અબ્દુલ્લાહને તસલ્લીબખ્શ જવાબ આપે છે.

ગયા શુમારામાં હમેં ૧૦ સવાલાત પૈશ કરી ગયા છીએ, હવે આ બીજી કિસ્તમાં હમેં કારેઈનને દરમિયાન બીજા ૧૦ સવાલાત સાથે તેના જવાબોની ઝિક્ર કરીએ છીએ. અબ્દુલ્લાહ બિન સલામે મૌલાના અલી (અ.સ.) ને પૂછ્યું કે, આપ હમને બતાવો કે, એક શું છે ? બે શું છે ? ત્રણ-ચાર-પાઁચ-છો-સાત-આઠ-નવ-દસ-અગિયાર-બાર, આ તમામ શું છે ?

આના જવાબમાં આપ મૌલાએ ઈલ્મના ઘણા હૈરતઅંગૈઝ ખઝાના ખોલી દીધા. આપે ફરમાવું કે,

(૧) એક, તે **અલ્લાહ** છે જે **"વહદહૂ લા શરીકા લહૂ"** છે, જે તમામ ચીઝોનો ખાલિક, રાઝિક અને રબ્બ છે.

(૨) બે, તે **આદમ** (અ.સ.) અને **હવ્વા** (અ.સ.) છે કે, જેને અલ્લાહતઆલાએ તમામ ઈન્સાન કરતા પહેલા જિસ્માની આલમમાં પૈદા કીધા.

(૩) ત્રણ, તે **જિબ્રઇલ** (અ.સ.), **મીકાઇલ** (અ.સ.) અને **ઇસ્રાફીલ** (અ.સ.) છે. આ ત્રણ મલાઈકતે મુકર્રબીન પહેલા અલ્લાહતઆલાએ કોઈ બીજા ફરિશ્તાને પૈદા ન કીધા. જિબ્રઈલ રૂહે અમીન છે જે વહ્ય લઈને નાઝિલ થાય છે. મીકાઈલ, વરસાદ અને મખ્લૂકના રિઝકના ઝિમ્મેદાર છે. ઈસ્રાફીલ, યૌમે કયામત સૂર ફૂંકીને તમામને કબરોમાંથી ઉઠાવશે.

(૪) ચાર, તે ઈલાહી કલેમાત છે કે તે પહેલા કોઈ ઈલાહી કલેમાત નાઝિલ થયા નથી. તે છે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ના **સહીફાઓ**, મૂસા કલીમુલ્લાહ (અ.સ) ની **તૌરાત**, ઈસા રૂહુલ્લાહ (અ.સ.) ની **ઇન્જીલ** અને મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના **કુરઆને કરીમ.**

(૫) પાઁચ, તે પાઁચ નમાઝો છે. જેને અલ્લાહની તૌહીદમાં માનનાર હર અહલે ઈસ્લામ હરરોઝ અદા કરે છે. આ નમાઝોના સબબ અલ્લાહ તમામ ઉમ્મતોના દરમિયાન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપની ઉમ્મતની અઝમત ઝિયાદહ કરશે.

(૬) છો, તે છો દિવસો છે જેમાં અલ્લાહતઆલાએ **આસ્માનો અને ઝમીન**ને પૈદા કીધા.

(૭) સાત, તે સાત આસ્માનો છે જે તમારા માથા ઉપર છે અને જે તમને ઝમીન પર કૈદ રાખે છે.

(૮) આઠ, તે અર્શના ઉઠાવનારા આઠ ફરિશ્તાઓ છે.

(૯) નવ, તે મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ની નવ આયતો છે જેની બયાની અલ્લાહતઆલાએ તૌરાતમાં કીધેલી છે.

(૧૦) દસ, તે દસ રાતો છે ઝિલહજ્જ મહીનાના પહેલા દસકા ની કે જેના સબબ મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ની **૪૦ દિનની ઇબાદત-મુનાજાત** તમામ થઈ અને અલ્લાહતઆલાના નૂરની તજલ્લી નસીબ થઈ.

(૧૧) અગિયાર, તે અગિયાર તારાઓ છે જેને યૂસુફ નબી (અ.સ.) એ જોયા.

(૧૨) બાર, તે બાર પાનીના **ઝરણાઓ-ચશ્માઓ** છે જે મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ની અસાના મારવાથી એક પત્થર માંથી જારી થયા. આ પત્થર અલ્લાહતઆલાએ આસ્માનથી નાઝિલ કીધો હતો.

➪ બીજા સવાલો ઈન્શાઅલ્લાહ આવતા શુમારામાં આપવામાં આવશે. ★

**વેપારમાં માપ-તોલ અને લૈન-દૈન બરાબર અદલો ઈન્સાફથી કરવું જોઈએ. આ જ તમારા વાસ્તે ખૈર છે, અને તેમાં બરકત છે અને એનો અંજામ બેહતર છે.**

**નમાઝ દૌરાન નમાઝીને જો એ ખબર પડી જાય કે તેના ઉપર કેટલી રહેમતો વરસી રહી છે તો કોઈ વકત તે સજદા માંથી પોતાનું માથું ઊંચું કરે જ નહીં.**

**બેવકૂફને જવાબ ન આપવો એ જ બેહતરીન જવાબ છે.**

# -::: દીને ઈસ્લામ શું છે ? :::-

ઈસ્લામ મઝહબ, દીને ફિતરત છે. ઈસ્લામ, દીને તમદ્દુન છે, એકબીજા સાથે મોહબ્બતથી રહીને ખુશગવાર સમાજ બનાવવાનો એક અફઝલ તરીકો છે. ઈસ્લામ, દીનો દુનિયા બેવેની આબાદી વાસ્તે આવું છે. એમાં તપિયા બનીને પીર-ફકીર-સૂફી બનીને રહેવાની કોઈ ગુંજાઈશ નથી. “લા રહબાનીયતા ફિલ ઈસ્લામ”, ઈસ્લામમાં દુનિયાને મૂકીને, ઘર-સમાજને મૂકીને, માઁ-બાપ, અહલો અયાલને મૂકીને, તમામ રિશ્તાઓને તોડીને, તપ-જપ કરવા હાથમાં પોટલું, લાકડી યા તસ્બીહ લઈને કોઈ પહાડી જંગલ-ગૂફા જેવી ગુમનામ જગા પર જઈને ઝિંદગી બસર કરવાનું ફરમાન નથી. ના, મુમિનને આ દુનિયાથી ઈબરત હાસિલ કરીને દીનને સાચવવાનું છે, આઅમાલ-ઝિમ્મેદારીઓને બજા લાવવાની છે.

નવમાં ફાતેમી ઈમામ મૌલાના અહમદિલ મસ્તૂર (અ.સ.) એ આપના “રસાઈલે ઈખ્વાનુસ સફા” માં બયાન ફરમાવેલું છે કે, **“લયસદ્દીનો સૌમન વલા સલાતન ફક્તો બલિદ્દીનો તાઅમીરૂદ્દારૈન”**, યાઅની દીન ફક્ત રોઝા-નમાઝનું જ નામ નથી બલકે રોઝા-નમાઝને સાથે-સાથે દુનિયા અને આખેરત બેવે ઘરને આબાદ કરવાનું નામ દીન છે. કિતાબ “દઆઈમુલ ઈસ્લામ” માં  છે કે, નબીએ કરીમ (સ.અ.વ.વ.) ના એક ખાસુલ ખાસ સહાબી હ.ઉસ્માન બિન મઝઊને (રિ.અ.) આપને અરઝ કીધી કે, “મેં એમ ચાહું છું કે, હું ઈબાદત વાસ્તે જંગલમાં ચાલો જાઉં ! આપ મૌલાએ ફરમાવું કે, એમ હરગિઝ ન કરજો. મારી ઉમ્મતના લોગોની પરહૈઝગારી તો એમાં છે કે, તેઓ મસ્જિદમાં જઈને ઈબાદત કરે. ઉસ્માને અરઝ કીધી કે, મારો એમ ખયાલ છે કે, હું ગોશ્ત જમવાને હરામ સમઝું ! આપે ફરમાવું કે, આ અમલ તમેં ન કરજો. **મેં ખુદ શૌકથી ગોશ્ત જમું છું.** અગર મેં એમ ખ્વાહિશ રાખું કે, અલ્લાહ મને હરરોઝ ગોશ્ત ઈનાયત કરે તો ઝરૂર એમ જ બને. ઉસ્માને અરઝ કીધી કે, મેં એમ ચાહું છું કે, મેં ખુદને નામરદ કરી દઉં જેથી જિન્સી શેહવત મારાથી દૂર થઈ જાય. આપ મૌલાએ ફરમાવું કે, ના, આમ કરવું તમારા વાસ્તે હરામ છે. અગર જિન્સી શેહવત-બૈરોથી મીલવાની શેહવત દૂર કરવી હોય તો રોઝા રાખો. ઉસ્માને ઈઝહારે ખયાલ કીધો કે, મારી એમ રાઈ છે કે, “હું મારી ઝૌજાહ ખૂલાહને મારા વાસ્તે હરામ સમઝી લઉં યાઅની હું એના સાથે કોઈ જિસ્માની તઅલ્લુકાત ન રાખું.” આપે ફરમાવું કે, “શરીઅત તમને આ મુજબ કરવાની ઈજાઝત નથી આપતી. તમારી નિકાહશુદા હલાલ બૈરોને તમેં હરામ ન કરી શકો. શાદી કરવું અને પાક દામન મુમેના સાથે જિસ્માની તઅલ્લુકાત કાઈમ કરવા, નિકાહ કરવા, મારી સુન્નતમાંથી છે. જે કોઈ મારી સુન્નતથી મૂઁહ ફીરાવશે તો એ મારી ઉમ્મતમાં નથી. કયામતના દિન એવા શખ્સને મારી શફાઅત નસીબ નહીં થાય અને મારા હૌઝથી હટાવી દેવામાં આવશે.”

ઉસ્માન બિન મઝઊનના આ સવાલાતથી એ વાત સાફ થાય છે કે, શરીઅતમાં કોઈની રાય, કિયાસ, હવાનફસી, મનમાની ચાલતી નથી. જે ચીઝ ૧૪૨૮ વરસ પહેલા હરામ હતી તે આજે પણ હરામ છે અને કયામત તક હરામ જ રહેશે. કોઈની તાકત છે જ નહીં કે એ શરીઅતમાં ફેર-બદલ  કરે. જેઓએ આ જુર્અત કીધી એ તમામ ફના ફિલ્લાહ થઈ ગયા. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.)એ ઉસ્માનના ચાર ફાસિદ ખયાલોને રદ-બાતિલ કરી દીધા અને તે વાસ્તે શું સાચું છે તે વાઝેહ કરી દીધું. તેમાં એ છે કે, તમેં ઈસ્લામવાલા હોવ તો તપિયાપણું ઈખ્તેયાર ન કરી શકો, દુનિયાના ઈમ્તેહાનને છોડીને અલ્લાહને પરામી ન શકો. તમારી હર તાકતને કબઝામાં લેવા વાસ્તે શરીઅતને રસ્તા બતાવેલા છે. **જિસ્માની શેહવતને કાબૂમાં રાખવા વાસ્તે રોઝું કરવું આઅલા નુસ્ખો છે.** એમાં કઈ જિસ્મને નુકસાન કરી તેના આઅઝાને કાપવાના ન હોય તેમ ખૂબસૂરત બનવા વાસ્તે કોસ્મેટીક સર્જરીની ઝરૂરત નથી, રોઝા ધરવાથી ખુબ-બ-ખુદ ચહેરો નૂરાનીદાર થઈ જાય છે. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) પોતાની હયાતે પાકમાં જે અમલ કરી ગયા હોય તેને તમેં રદ કરી શકતા નથી. આપ રસૂલે મકબૂલને નિકાહનો હુકમ ફરમાવેલો છે અને આપને ગોશ્ત જમવું ઘણું પસંદ હતું. હવે કોઈ તાકત રાખવાને બાવુજૂદ શાદી ન કરે અને ગોશ્ત જમવાને ના પસંદ કરે, ખરાબી સમઝે, બદખયાલ રાખે,

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**નમાઝ, પરહૈઝગાર શખ્સ વાસ્તે અલ્લાહથી કરીબ થાવાનો ઝરીઓ છે.**

## -::: દીવાને મૌલાના અલી (અ.સ.) :::-

**ફતુસ્બેહા ફી નફસિન વ તુમ્સી બેગૈરેહા**
**વમા લકા બેઅકલિન તોહિસ્સો બેહી રૂઝઆ.**

**તરજુમો :** તું ફજરમાં તારા જાનની એક હાલતમાં હોય છે અને સાંજે બીજી હાલતમાં હોય છે અને તુંને શું થઈ ગયું છે કે, તું અકલથી તારા મુસીબતનો એહસાસ નથી કરતો.

તશરીહ : મતલબ એ થાય છે કે તારી ઝિંદગીના ફજર અને મગરિબના હાલાત અલગ-અલગ હોય છે તો તારી આ હાલત કયા સબબથી બદલાય ગઈ કે, તારી સવાર અને સાંજ એક જેવી ન રહી, શું તું તારી અકલથી સોચતો નથી ? ઈન્સાનની ઝિંદગીની રફતાર અને તેના રોઝાના હાલાતનો દારોમદાર તેના ઝાહિરી-બાતિની આઅમાલ પર રહેલો છે.

ઈન્સાનની ફજર અગર સુકૂન સાથે ખુશીથી ગુઝરી હોય તો એની સાંજ એને કઈ આફતમાં નાખશે યા કયા ઈમ્તેહાનથી ગુઝરવું પડશે એની એને ખબર હોતી નથી. ઈન્સાનને જો એની પૂરી ઝિંદગીને ટૂંકમાં સમઝવી હોય તો ફક્ત એના ૨૪ કલાકને ઈબરતની આઁખથી ચકાસવા જોઈએ. આ ૨૪ કલાકના એક જ દિન-રાતમાં એની હસ્તીનો સાર સમાયેલો છે. **ધૂપ-છાંવ, સરદી-ગરમી, ઉંચ-નીચ, સખતી-નરમી, બિમારી-તંદુરસ્તી, તંગદસ્તી-ફરાવાની, ખુશી-ગમી, હાર-જીત તો ઝિંદગીના સિક્કાના બે પાસા છે.** હર ઈન્સાનને આ ઉસ્રત-યુસ્રતના દરિયાથી સબર અને શુક્રની કિશ્તીમાં સવાર થઈને ગુઝરવાનું છે. એટલે જ હમેં ફજરની દોઆમાં પઢીએ છીએ, **"અલ્લાહુમ્મજઅલ ઔવલા યૌમી હાઝા સલાહન વ ઔસતહુ ફલાહન વ આખેરહુ નજાહન." અને "અલ્લાહુમ્મા ઇન્ની અબ્તેદેઆ ફી યૌમી હાઝા બૈના યદૈયા વ અજેલતી વ નિસ્યાની."** યાઅની, અય રબ્બુલ આલમીન, તું મને આ દિવસ દરમિયાન સલાહ, ફલાહ, નજાહ (કામિયાબી) આપજે અને મેં આ દિવસની ઈબ્તેદા તારી ઝિક્રથી કીધી હોય યા ભુલથી ન કીધી હોય તો પણ અય મારા રબ, તું આ દિવસને મારા વાસ્તે કરી દેજે મગર મારા ખિલાફ ન કરીશ. ★

---

*(પેજ નં. ૬ નું બાકી)* ***દીને ઈસ્લામ શું છે ? .........***

શરીઅત પર તોહમત મુકે, નાક ચઢાવે તો એને સમઝી લેવું જોઈએ કે એ ઈસ્લામના દાએરાથી બાહર છે, એને પોતે મુસલમાન કહેવાનો કોઈ હક્ક રહેતો નથી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ખુદ ફરમાવે છે કે, **"જે મારી એક પણ સુન્નતને મુકશે તે મારા માંથી નથી."**

આ બયાનથી રસૂલુલ્લાહ બાવાજીએ ચાર ગલત ખયાલાતને રદ કરીને એના મુકાબિલ ચાર સહી આઅમાલ બતાવીને સાફ-સાફ બતાવી દીધું કે, ઈસ્લામમાં તે ગલત ત્યાગ-બ્રહમચારીપણું વગૈરા નથી કે જેને જોગી-સૂફીસંત-પીરો ફકીર અપનાવી બેસા છે. ગોશ્ત જમવો, નિકાહ કરવા અને નસ્લે ઈમાનીને આગલ વધારવી અહલુલ બૈત (અ.સ.) ની હમને વસીયત છે. દુનિયાની દૌલત, કુશાદા મકાન, આલ-ઔલાદ વગૈરા હોય તો તેના ઝરીએ આખેરત માં સવાબ હાસિલ થાય એવા આઅમાલે સાલેહાત બાકીયાત ઈમાનદારોને કરવા જોઈએ. આ છે ઈસ્લામ દીનની સાચી હકીકત ! ★

**રેહમતુલ લિલ આલમીન હબીબો રબ્બિલ આલમીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, જિબ્રઈલ અમીને મને ખબર કીધી કે, જે વક્ત કોઈ મહેમાન તેના મુમિન ભાઈના ઘરમાં દાખિલ થાય છે તો તેના સાથે હઝાર બરકત અને હઝાર રેહમત દાખિલ થાય છે અને અલ્લાહતઆલા તેના ગુનાહો અને ઘરવાલાના ગુનાહોને બખ્શી નાખે છે. અગર એના ગુનાહો દરિયાના ફીનથી ઝિયાદહ યા દરખ્તના પત્તાઓથી ઝિયાદહ હોય તો પણ. અલ્લાહતઆલા એને ૧૦૦ શહીદનો સવાબ આપે છે અને મહેમાન એક જમનનો લુકમો એને ત્યાં જમે છે તો એનો સવાબ હજ્જ-ઉમરાહનો લખી દે છે. અલ્લાહ જન્નતમાં એક શહેર એના વાસ્તે બનાવી દે છે અને તે કોઈ મહેમાનને ઈઝઝત બખ્શે તો તેએ ૭૦ નબીઓની કરામત કીધી, બરાબર છે.**

**લોગો માંથી મહાચોર તે છે જે નમાઝ પઢવામાં ચોરી કરે.**

## -::: જો " અહમ " ભાગશે, તો ઈન્સાન જાગશે :::-

અહમ-ઘમંડ, ઈન્સાનને કઈ હદે અદીમુલ ખુલૂસ (વિવેકશૂન્ય) બનાવે છે એની મિસાલ એક મુકર્રિરે પોતાની તકરીરમાં આપી હતી. મિસાલ એવી મુનાસિબ છે કે, એને બયાન કીધા બગૈર કદાચ કહેલી વાત અધૂરી લાગે. ઉસ્તાઝ પાસેથી તાલિબે ઈલ્મે (student) ઈલ્મ લીધું. થોડા વક્ત પછી એને એવું લાગું કે, હવે ઘણું બધુ એ શીખી ગયો છે. એને થયું કે ઉસ્તાઝે તો મારી અનેકવાર ઈમ્તેહાન લીધી છે, પણ આજે હું ઉસ્તાઝની ઈમ્તેહાન લઉ. શિકસ્ત શું છે એનો એહસાસ મારા ઉસ્તાઝને હું એકાદવાર તો કરાવી જ દઉ. એને વિચાર કીધો કે, મેં શું પૂછું કે ઉસ્તાઝને બેઝબાન કરી શકાય! પછી એને એક પંખી પકડું. પોતાની કામિયાબીની મુસ્કુરાહટ સાથે એને તે પંખીને થોડી વાર હથેલીમાં રમાડું. હથેલી બંધ કરીને ઉસ્તાઝને પૂછીશ કે આમાં પંખી છે, પણ જીવતું છે કે મરેલું એ તમે કહો. મનમાં ને મનમાં નક્કી કીધું કે જો ઉસ્તાઝ જવાબ આપશે કે પંખી જીવતું છે તો એને હું મસલી દઈશ અને ઉસ્તાઝ કહેશે કે પંખી મરેલું છે તો મૂઠ્ઠી ખોલી નાખીશ. પાંખ ફફડાવીને પંખી ઊડી જાશે. કોઈ પણ તૌરથી ઉસ્તાઝને ખોટા સાબિત કરીશ.

તકબ્બુરી સાથે એને ઉસતાઝને સવાલ કીધો : "ઉસ્તાઝ સાહેબ! મારા હાથમાં પંખી છે એ જીવતું છે કે મરેલું એનો જવાબ આપો? આજે હવે તમારી ઈમ્તેહાન છે. ઉસ્તાઝે એકદમ સુકૂન અને સાફ આવાઝે કહ્યું: બેટા, **એનો જવાબ તારા પોતાના હાથમાં છે.**"

ઉસ્તાઝને બેઝબાન કરવા નીકલેલો તાલિબે ઈલ્મ ખુદ બેકલામ-અવાક થઈ ગયો. બહુ બોલબોલ કરવા કરતા અહમ જે વક્ત મૂંગો થાશે તો જ અપનામાં રહેલો, પગવાલીને ચુપચાપ પડેલો સાચો ઈન્સાન પોતાની ઝબાનની સચ્ચાઈ સાથે ઊભો થાશે.

Pride kills Politeness as excess talk kills Talent. ★

---

*(પેજ નં. ૩ નું બાકી)* ***ઈફ્તેતાહીયાહ .........***

**ના દીને ખાલિસ પર છે.** અલ્લાહતઆલા હમને મુખ્લેસાના અને મોહિબ્બાના શિકલો સૂરત અતા ફરમાવે અને દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના સાયએ શફકતમાં હમેં આપ મૌલાથી હમેશા બાકી રહેનારી રૂહાની ઝિંદગી હાસિલ કરવા વાસ્તે દુનિયામાં "હયાતે તૈયેબાહ" યાઅની પાકો સાફ ઝિંદગી બસર કરવાની નસીહત પાતા રહીએ એવી રબ્બુલ ઈઝઝત હમ અલવી મુમેનીનને તૌફીકે ખૈર બખ્શે.

બેલૌસ ઈબાદત કે લીયે અશ્ક બહાઓ, મૌલા કી શફાઅત કે લીયે અશ્ક બહાઓ,
પલકોં મેં લરઝતે હુવે મોતી હે અયાઁ અશ્ક, ઈખ્લાસ સે દોઆ કે લીયે અશ્ક બહાઓ. ★

---

*(પેજ નં. ૨ નું બાકી)* ***સનસની ખૈઝ સઝા .........***

ઈમામ હુસૈન (અ.સ.) પર સલવાત પઢી અને શિમ્ર લઈન પર લાઅનત બોલી. એના આ અમલના સબબ અલ્લાહતઆલાએ એના ઉપર રહેમ કીધો અને એને રસ્તો હાસિલ થયો અને પોતાના શહેરમાં આવીને લોગોને જે હકીકત એના સાથે બની હતી તેની વાત કીધી.

આ છે શિમ્રે મલઊનનો દુનિયામાં અઝાબ અને આખેરતમાં શદીદમાં શદીદ અઝાબ તો બાકી છે. શિમ્રના જિસ્મે શયતાની પર કરબલાના વાકેઆ બાદ સફેદ ડાઘ-કોઢની બીમારી વધવા લાગી અને ધીમે ધીમે પૂરા બદન પર ફેલાય ગઈ. એના પર અલ્લાહનો એવો ગઝબ નાઝિલ થયો કે, એને બદનમાં આગની ગરમી પૈદા થાતી જેથી એ હમેશા ખુલ્લા બદને રહેતો હતો અને ગરમીથી જલતો હતો. શિમ્ર જે વક્ત કત્લ કરવામાં આવો તો એ બદનની આગ ઠંડી કરવા પાની માંગતો હતો અને મુખ્તારે એને પ્યાસની શિદતની હાલતમાં કત્લ કીધો હતો.

"યે વો અંજામ હે **નૂરે ઇમામત** કો બુઝાને કા,
ખુદા જિસ્કો જલાતા હૈ, હે વો **ઝામિન** બચાને કા." ★

**જે વક્ત કોઈ શખ્સ નમાઝમાં મશ્ગૂલ હોય છે તો તેનું બદન, લિબાસ અને તે .......**

## -::: મગજનો મુરબ્બો :::-

નાઝેરીનથી હમારો ઈલ્તેમાસ છે કે, નીચે આપેલી તરકીબ (ક્રોસવર્ડ)"મગજનો મુરબ્બો" ને સહી તૌર પર પૂરો કરી તેને **પોસ્ટ કાર્ડ** પર લખી યા **રૂબરૂ** આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેઓના જવાબો સહી હશે તેમનો ડ્રો ૨૦મી તારીખ પછી કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તેને હમેં આવતા શુમારામાં ઝાહિર કરીશું અને હદીયાથી નવાઝીશું. આ સાથે હમેં સહી જવાબો પણ કારેઈનને બતાવીશું. પોસ્ટકાર્ડ લખનાર પર લાઝિમ છે કે તે પોતાનું નામ, સરનામું અને ફોન નંબર સાફ હુરૂફમાં લખીને મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને હદીયાને પામવાની રેસમાં તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ |
| ૫ | | | | ૬ | |
| | | | ૭ | | |
| ૮ | ૯ | | | ૧૦ | |
| | | | ૧૧ | | |
| ૧૨ | | | | | |

**ઊભી તરકીબ :**

(૧) પૈરવી, ફરમાઁબરદારી (૪)
(૨) મઝબૂત, તાકતવર (૨)
(૩) માથાના સફેદ --- નૂરની નિશાની છે. (૨)
(૪) જેનો એહતેરામ કરવામાં આવે. (૫)
(૬) અપની જામેઅ મસ્જિદનું નામ મસ્જિદે ---- છે.(૩)
(૯) દોઆના કલામ બાદ શું બોલાય છે. (૩)
(૧૧) ફેસલો, મૌત. (૨)

**આડી તરકીબ :**

(૧) ઈકરાર, નસીબ. (૪)
(૫) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તન્ઝીલના સાહબ છે તો મૌ.અલી (અ.સ.) ---- ના સાહબ છે. (૩)
(૬) કયા નબીના વસી મૌ.સામ (અ.સ.) છે. (૨)
(૭) અલ્લાહથી નઝદીક થાવા શયતાનથી ---- કરવી પડશે. (૩)
(૮) જમન, ખાવાનું. (૩)
(૧૦) પાની, આબ. (૨)
(૧૨) બંદોબસ્ત, એહતેમામ. (૫)

➡ **ગયા શુમારાની તરકીબનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| ત | હા | ર | ત | |
| મી | | સ | ન | આ |
| ઝ | ખ | મ | | મિ |
| | તા | | સ | ર |
| ઈ | ન | સા | ફ | |
| ઝા | ત | | ર | ઝા |

**સહી જવાબ આપનાર કારેઈન :**

**શહેનાઝ એફ. ટીનવાલા** ★

*(પેજ નં. ૪ નું બાકી)*

### *મદીનતુલ મસાઈલ.........*

**સવાલ : મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને પૂછવામાં આવું કે ઘરેલું જાનવર મધ યા ઘી યા દૂધ યા તેલમાં પડે અને મરી જાય તો શું હુકમ ?**

જવાબ : અગર જાનવર ઉપર ઝિક્ર કરેલી ચીઝોની સતેહ પર ઝિંદા યા મુર્દા હોય તો એને નીકાલીને ફેંકી દે. અગર એ મરેલા જાનવરની મિકદાર એટલી હોય કે તે જમવાની ચીઝની અસલીયતને મીટાવી દેતું હોય અને તેનો રંગ-સ્વાદ-ખુશ્બૂ બદલાય ગયા હોય તો તે ઘી-તેલને બાલવાના કામ સિવાય ઈસ્તેમાલ ન કરે. અગર જમવાની ચીઝ દૂધ હોય તો તે કામમાં ન લે અને જો મધ હોય તો બીગડેલી ચીઝને નીકાલીને બીજું બચેલું કામમાં લે.

**સવાલ : આપ (અ.સ.) થી પૂછવામાં આવું કે, તીડ, કીડા, વીછું, સંડાસયું, માઁખું, કાલી ગાય, ભમરો, ખાંડખજુરો, તમરી જેવા ખૂન બગૈરના જાનવરો જમનમાં મરી જાય તો શું હુકમ ?**

જવાબ : ખૂન બગૈરના જાનવરો યા કીડાઓ જમનને ફસાદદાર-નુકસાન કરતા નથી તેથી તેને ફેંકી દે. આપ (અ.સ.) એ ફરમાવું કે, આ મુજબના જાનવરો જે વક્ત શુરબામાં પડે અને ઝિંદા જ નીકાલી લેવાય તો એ જમનને નાપાક કરતા નથી તેથી એ જમનને જમી શકાય છે. ખૂનવાલા નાના જાનવરો જે વક્ત જમન-શુરબામાં પડે અને મરી જાય તો એ જમાય નહીં યા વહેચાણ-ખરીદ થાય અને આના વાસ્તે રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ પણ આ મુજબ જ ફરમાવું છે. ★

**......તમામ ચીઝો જે એના બદન પર હોય છે તે અલ્લાહની તસ્બીહ કરે છે.**

## -::: ફિકર :::-


એક મુફક્કિરે ઈન્સાનથી કરાતી ફિકર વાસ્તે તેહકીક કીધી છે, જેનો નતીજો આ મુજબ છે :

૧) હકીકતમાં જે બનું નથી, પણ મુસ્તકબિલમાં બનશે એવી ધારી લીધેલી બાબતોની ફિકર ૪૦% છે.
૨) પીછો છોડાવી ન શકાય, એવી ગુઝરેલા ઝમાનામાં બની ગયેલા બનાવો વાસ્તેની ફિકર ૩૦% છે.
૩) કોઈ પણ તરહના સબબ બગૈરની અપની તબીઅત વાસ્તેની ફિકર ૧૨% છે.
૪) નજીવી બાબતો વાસ્તેની ફિકર ૧૦% છે.
૫) સાચે જ કરવા જેવી બાબતોની ફિકર ૮% છે.

ઉપરની તેહકીક પરથી ઈલ્મ થાય છે કે, **ખરેખર કરવા જેવી ફિકર તો સૌથી ઓછી-ફક્ત ૮% જ છે,** અને આના બરખિલાફ મોટા ભાગની યાઅની કે ૯૨% ગૈરઝરૂરી ફિકરથી અપને અપના દિમાગને થકાવી દઈએ છીએ અને સારો એવો વક્ત ગુમાવી બેસીએ છીએ. આખિરકાર અંજામ શું? બસ, ખોટી ફિકર પર અફસોસ કરીએ છીએ અને ખુદની ખતા પર દુ:ખી થઈએ છીએ ! ★

**બેહતર અંદાઝમાં ગુફતગૂ કરવી અકલની પુખ્તા હોવાની અલામત છે.**

## -::: ફોટોગ્રાફી :::-



**મોહંમદભાઇ કીકાભાઇ કૉંચવાલા**

હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ની ઈજાઝતથી આ ભાઈએ "અલી ફોટોગ્રાફર્સ" ના નામને માતહત ફોટોગ્રાફીનો પૈશો-કામકાજ ઈબ્તેદા કીધો છે.

- કોઈ પણ પ્રકારના પ્રસંગ-ફંકશનની ફોટોગ્રાફી
- ઈન્ડસ્ટ્રીયલ તેમજ પ્રોડક્ટ ફોટોગ્રાફી
- ફેમેલી અથવા ગ્રુપ ફોટો

ડીજીટલ કેમેરાથી પાડી આપવામાં આવશે.

**ઓર્ડર માટે કોન્ટેક્ટ કરો :**

એ-૨૦૫, "બૈતુન્નૂર" બોરસલી એપાર્ટમેન્ટ,
તૈયેબી પાર્ક પાસે, આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯.
મો. ૯૯૦૪૪૭૦૪૯૮ ★

## -::: શુક્ર ગુઝારી :::-

"**હાદી**" માં પઢીએ કલામો મજાના,
દોઆતોના પઢીએ છે હરદમ તરાના,
ઝિયાઈ હવેલીના દુર છે "ઝકી-નૂર",
જેનાથી ખુલે છે, ઈલિમના ખઝાના.

---

કૌમ અને મઝહબની ખિદમત માટે છે જેનો જનમ,
ચાલતી રહેજો આ ખુદ્દામોની તાકતવર કલમ,
એમની ખુશહાલ, તંદુરસ્ત હો ઉમ્રે દરાઝ,
મંઝિલો પર મંઝિલો, જીતે બસ "**હાદી**" ના કદમ.

*- મ.અલ-હાજ્જાહ રિઝવાનાબુ બિન્તે ભા.સા. યાહયાભાઈ* ★

## -::: મુંબઈના મુમેનીન વાસ્તે :::-

મુંબઈના મુમેનીન "અલ-હાદી" ના લવાજમ વાસ્તે મઝકૂર હમારા કારગુઝાર નો કોન્ટેક્ટ કરે :

**મુલ્લા સિરાજઅલી અત્તરવાલા (નફીસ)**
૮૪, હુસૈનીયાહ માર્ગ, ભેન્ડી બાઝાર, મુંબઈ - ૦૩.
ફોન : ૨૩૪૭૮૯૮૮ (ઘર) , ૯૮૨૦૮૩૮૮૨૪ (મો.)

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
સરનામું:- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯. ★